અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૭ | ૫ ઓગસ્ટ, ૨૦૨૦, બુધવાર; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૨૦ |
| અમદાવાદ | ૧૫૩ |
| ગાંધીનગર | ૨૮ |

## પુનિ દેખુ અવધપુરી અતિ પાવની । ત્રિવિધ તાપ ભય રોગ નસાવનિ ॥

# રામમંદિર શિલાન્યાસ: અયોધ્યામાં આનંદ ઓચ્છવ

**સૌગંદ રામ કી ખાઇ થી મંદિર વહીં બનાયા : આજે રામ મંદિર નિર્માણનો પ્રધાનમંત્રીના હસ્તે શિલાન્યાસ : અયોધ્યામાં દીવાળી જેવો માહોલ, ભૂમિપૂજનનું કાઉન્ટ ડાઉન શરૂ, બપોરે ૧૨.૩૦ કલાકે ભૂમિપૂજન શરુ થશે જે ૧૦ મિનિટ સુધી ચાલશે, વડાપ્રધાન મોદી મંદિર નિર્માણ માટે પાયાની ઇંટ મૂકશે : સમગ્ર શહેર રામમય, કરોડો હિન્દુઓનું સપનું હવે સાકાર થશે, મોદી જન્મભૂમિ તરફ જતાં પહેલા પૂજા કરવા હનુમાનગઢી જશે, જ્યાં તેઓ પારિજાતનું વૃક્ષ રોપશે, ભૂમિપૂજનમાં હાજર રહેનારા આમંત્રિતોને ચાંદીની મુદ્રાની સ્મૃતિભેટ અપાશે**

ન્યુ દિલ્હી,તા.૪

આધુનિક ભારતના ઈતિહાસમાં આવતીકાલ ૫ ઓગસ્ટનો દિવસ ભગવાન શ્રીરામની જન્મભૂમિ ચળવળના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે. ૪૦૦ વર્ષ બાદ ભારતની ઐતિહાસિક ધાર્મિક નગરી અયોધ્યામાં જ્યાં ભગવાનશ્રી રામનો જન્મ થયો હતો તે વિવાદી ભૂમિ પર સુપ્રિમ કોર્ટે રસ્તો સરળ કરી આપ્યા બાદ હવે મંદિર નિર્માણનો શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સંપન્ન થવા જઈ રહ્યો છે. સમગ્ર અયોધ્યા નગરીને જાણે કે નવેસરથી વસાવવામાં આવી હોય તે શણગારવામાં આવી છે. ભારે કડક અને અભૂતપૂર્વ સુરક્ષાની વચ્ચે વડાપ્રધાન મોદી આવતીકાલે બુધવારે સવારે દિલ્હીથી અયોધ્યા રવાના થશે. અને બપોરે ૧૨.૩૦ના મહુર્તમાં શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે ભવ્ય મંદિરના નિમાણ માટેની પ્રથમ પાયાની ઈંટ મૂકશે. વડાપ્રધાન અયોધ્યામાં આ સ્થળે ૩ કલાક રોકાશે અને મોદી યાદગીરીરૂપે પારિજાતનો છોડ રોપશે. સીએમ યોગીએ એવી જાહેરાત કરી છે કે જેમને નિંમત્રણ આપવામાં આવ્યું છે તેમને જ પ્રવશશ મળશે. બાકીના રામભક્તોએ ઘરે દિવો પ્રગટાવી દિવાળી ઉત્સવ મનાવે તેવી અપીલ છે.

ભારતના ઈતિહાસના સૌથી મોટા ધાર્મિ પ્રસંગે અનેક





● અનુસંધાન પાન-૭ પર

### વડાપ્રધાન મોદીનો કાર્યક્રમ

- સવારે ૯.૩૫ વાગ્યે દિલ્હીથી રવાના થશે
- સવારે ૧૦: ૩૦ વાગ્યે લખનઉ એરપોર્ટ પર લેન્ડિંગ
- સવારે ૧૦:૪૦ કલાકે હેલિકોપ્ટરથી અયોધ્યા જવા રવાના
- સવારે ૧૧:૩૦ વાગ્યે અયોધ્યાની સાકેત કોલેજના હેલીપેડ પર લેન્ડિંગ
- સવારે ૧૧:૪૦ કલાકે હનુમાનગઢી પહોંચીને ૧૦ મિનિટ સુધી પૂજા-અર્ચના
- બપોરે ૧૨ વાગ્યે રામ જન્મભૂમિ પરિસરમાં પહોંચવાનો કાર્યક્રમ
- ૧૦ મિનિટમાં રામલલા વિરાજમાનના દર્શન-પૂજા
- બપોરે ૧૨: ૧૫ કલાકે રામલલા પરિસરમાં પારિજાતનું વૃક્ષારોપણ
- બપોરે ૧૨:૩૦ કલાકે ભૂમિપૂજન કાર્યક્રમનો શુભારંભ
- બપોરે ૧૨:૪૦ વાગ્યે રામ મંદિરના શિલાન્યાસની સ્થાપના
- બપોરે ૦૨:૦૫ વાગ્યે સાકેત કોલેજ હેલિપેડ માટે રવાના
- બપોરે ૨: ૨૦ વાગ્યે લખનઉ ઉડશે હેલિકોપ્ટર
- લખનઉથી દિલ્હી જવા રવાના

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૮૫૪૫૮૨૭ | ૬૯૯૮૩૦ | ૧૫૦૧૫૯૩૪ |
| ભારત | ૧૯૦૧૫૪૨ | ૩૯૭૯૨ | ૧૨૭૮૩૯૩ |
| ગુજરાત | ૬૫૭૦૪ | ૨૫૩૪ | ૪૮૩૫૯ |
| ગાંધીનગર | ૧૭૧૨ | ૯૭ | ૧૨૪૨ |

# સારા સમાચાર : દેશમાં કોરોના કેસ ઘટવા લાગ્યા

**છેલ્લા ત્રણ દિવસમાં કોરોનાના કેસમાં ઉત્તરોત્તર ઘટાડો : ૫૭ હજાર કેસમાંથી ૫૨ હજાર કેસ પર પહોંચ્યો : છેલ્લા ૨૪ કલાકમાં ૫૨૦૫૦ પોઝિટિવ કેસ : ૮૦૩ના મોત : મૃત્યુઆંક ૩૮,૯૩૮ને પાર, ૨૪ કલાકમાં ૩.૮૧ લાખ લોકોના ટેસ્ટ કરાયા, રિક્વરી રેટ ૬૬.૩૪ ટકા પર પહોંચ્યો : કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૧૮,૫૫,૭૪૫ થઇ**

ન્યુ દિલ્હી,તા.૪

દેશભરમાં કોરોના વાયરસથી સંક્રમિત થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૧૮ લાખને પાર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૨,૦૫૦ નવા કેસ સામે આવ્યાં છે. દેશમાં કોરોનાના અત્યાર સુધીમાં ૧૮,૫૫,૭૪૫ કેસ નોંધાયા છે. જ્યારે સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧૨,૩૦,૫૦૯ સુધી પહોંચી ગઈ છે. આજે સતત છઠ્ઠા દિવસે દેશભરમાં કોવિડ-૧૯ના ૫૦ હજારથી વધુ કેસ આવ્યાં છે. દેશભરમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૩૮,૯૩૮ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી દેશભરમાં ૮૦૩ લોકોના મોત થયા છે.

કેન્દ્ર સરકારે સોમવારે કહ્યું કે ભારતે કોવિડ-૧૯ના બે કરોડથી વધુ ટેસ્ટ કર્યા છે. જે એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. સંક્રમિત લોકોની સમયસર ભાળ મળતા તેમને જલદી ક્વોરન્ટાઈનમાં મોકલવા અને જલદી ઉપચાર શરૂ કરવાની મહત્વપૂર્ણ રણનીતિ મુજબ આ કવાયતને અંજામ અપાયો.

દેશમાં મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશમાં કોરોનાનો સૌથી વધુ પ્રકોપ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૮,૯૬૮ અને આંધ્ર પ્રદેશમાં ૭૮૨૨ લોકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

● અનુસંધાન પાન-૭ પર

### છેલ્લે... છેલ્લે...

- કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને કોરોના પોઝિટિવ આવતા વેદાન્તા હોસ્પિટલમાં દાખલ.
- કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને કોરોના પોઝિટિવ.
- ચીને લદાખથી ૫૦૦ કિ.મી. દૂર અણુબોમ્બ લઈ જતી મીસાઈલ ગોઠવી.
- નાટકના મહાન નિર્દેશક ઈબ્રાહિમ અલ્કાઝીનું નિધન
- યુપીએસસીમાં સુરતમાં કાર્તિક જીવાણી ગુજરાતમાં પ્રથમ અને દેશમાં ૮૪મા ક્રમે ઉત્તિર્ણ
- ચાઈનીઝ કંપની વીવો આઈપીએલના સ્પોન્સર નહી રહે.
- કોલસાની ખાણમાં ખનન માટે ચીની કંપનીઓ પર પ્રતિબંધ
- સશીધર જગદીશન એચડીએફ બેંકના નવા એમડી અને સીઈઓ નિયુક્ત કરાયા
- ગુજરાતનો દરિયો તોફાની બન્યો આગામી ૪ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી
- જૂનાગઢના એસટી વર્કશોપમાં દિપડો ઘુસી જતા દોડધામ
- દેશમાં ૧૦મી ઓગસ્ટથી ટ્રાન્સપોર્ટરો ત્રણ દિવસની હડતાલ પાડશે.

# મુંબઈમાં જળબંબાકાર

**મુંબઇમાં ૧૦ કલાકમાં ધોધમાર ૧૦ ઇંચ વરસાદ : જનજીવન ખોરવાયું : રેલ્વે સેવા ઠપ્પ, એનડીઆરએફની ત્રણ ટીમ સજ્જ, ૪૮ કલાક માટે રેડએલર્ટ જાહેર**



મુંબઈ,તા.૪

મુંબઈમાં ગઈ રાતથી જ ભારે વરસાદ વરસી રહ્યો છે જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને કિંગ સર્કલના રસ્તાઓ પર તો આશરે બે ફૂટ જેટલા પાણી આવી ગયા છે. તે સિવાય હિંદમાતા, સાયન, માટુંગા, ખાર સબવેમાં પણ પાણીનો ભરાવો થયો છે. ગઈરાતથી વરસાદ વરસી રહ્યો છે. ૧૦ ઈંચ વરસાદ નોંધાયો છે. કોલાવામાં રાત્રે ૧ સુધીમાં ૩ ઈંચ તો ઉપનગરના શાંતાક્રુઝમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

બૃહદ મુંબઈ નગર નિગમના અહેવાલ પ્રમાણે મુંબઈ શહેરમાં છેલ્લા ૧૦ કલાકમાં ૨૩૦ મિમીથી વધારે વરસાદ નોંધાયો છે. અરબ સાગર પર ચોમાસુ સક્રિય થવાના કારણે સોમવારે પણ મુંબઈમાં ભારે વરસાદ વરસ્યો હતો.

ભારે વરસાદના કારણે મુંબઈમાં તમામ ૪ લાઈનો પર રેલ વ્યવહાર અટકી પડ્યો છે. તેના કારણે મુંબઈ લોકલની સર્વિસ ઠપ્પ થઈ ગઈ છે. ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને મુંબઈમાં ૮ રૂટ્સ પર બસોનો રસ્તો બદલવામાં આવ્યો છે અને તેમને ડાઈવર્ટ કરીને બીજા રસ્તે ચલાવવા વ્યવસ્થા કરવામાં આવી છે. બૃહદ મુંબઈ નગર નિગમ (બીએમસી)એ ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી સેવાઓને છોડીને તમામ કાર્યાલયો અને સંસ્થાઓને આજે બંધ રાખવા આદેશ આપ્યો છે. ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)એ મુંબઈ અને તેના ઉપનગરીય ક્ષેત્રોમાં આગામી બે દિવસ સુધી ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. હવામાનની આગાહી કરતી એજન્સીઓના કહેવા પ્રમાણે આગામી બે દિવસમાં મહાનગર અને મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં વરસાદની તીવ્રતા વધશે. હવામાન વિભાગે માછીમારોને પણ બંગાળની ખાડી ઉપર ઓછા દબાણનું ક્ષેત્ર બનવાના કારણે પૂર્વીય તટ પર ઉંડા દરિયે ન જવા સલાહ આપી છે.

# આગામી મહિનાથી ધીમે-ધીમે કોરોના વાયરસ ખતમ થવા લાગશે

**કોરોના વાયરસ પર નિષ્ણાતનો દાવો : સપ્ટેમ્બર અને ઓક્ટોબર સુધી કોરોના સંક્રમણનો દર ઘટશે : આગામી વર્ષ સુધી આપણી પાસે કોરોનાની વેક્સિન હશે : કોરોના ઈન્ફેક્શનનો રેટ ઘટશે**

નવી દિલ્હી, તા. ૪

કોરોના વાયરસની મહામારીને લઈને નિષ્ણાતોએ એ પ્રકારનો દાવો કર્યો છે કે સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિના સુધીમાં કોરોના ઈન્ફેક્શનનો રેટ ઘટવા લાગશે. સાથે જ નવા વર્ષમાં આપણી પાસે કોરોના વેક્સિન (રસી) આવી શકે છે. ભારતમાં સતત કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. અત્યારે એવો સમય ચાલી રહ્યો છે કે દર્દી બીમાર હોવા છતાં પણ હોસ્પિટલ જતા ડરી રહ્યા છે. ત્યારે કોરોના વાયરસના એક્સપર્ટ એવા ડૉક્ટર એચ સુદર્શન બલ્લાલે જણાવ્યું કે દેશમાં સતત કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે આપણને જોવા મળ્યું છે કે દેશમાં વધુ વસ્તી ધરાવતા મોટા શહેરો જેવા કે દિલ્હી અને મુંબઈ અને તેમાં

● અનુસંધાન પાન-૭ પર




